For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મ્યુનિ. કમિશનરની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી

# PM મોદીનો મેગા રોડ-શો: 1.6 કિમીના રૂટ પર 15 સ્ટેજ અને 40 હજારની જનમેદની સાથે ભવ્ય સ્વાગત

**એરપોર્ટ** માર્ગ પર બોમ્બ અને ડોગ સ્ક્વોડનું સઘન ચેકિંગ



(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેર આગામી 11 તારીખે એક મહત્વના વીઆઈપી કાર્યક્રમની યજમાની કરવા જઈ રહ્યું છે. લગભગ એક વર્ષના લાંબા ગાળા બાદ વડાપ્રધાન વડોદરાની મુલાકાતે આવી રહ્યા હોવાથી વહીવટી તંત્ર અને સ્થાનિક પદાધિકારીઓ દ્વારા તેમના સ્વાગત માટે અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક મુલાકાતને લઈને આજે ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા એરપોર્ટ રોડ પર સુરક્ષા અને વ્યવસ્થાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના રોડ શો માટે હરણી એરપોર્ટ રોડ પર 1.6 કિલોમીટર લાંબા માર્ગ પર ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ રૂટ પર કુલ 15 જેટલા વિશેષ સ્ટેજ બનાવવામાં આવશે, જ્યાંથી વડાપ્રધાનનું વિવિધ રીતે સ્વાગત કરવામાં આવશે. આ રોડ શોમાં વડોદરા શહેર, વડોદરા જિલ્લો અને આસપાસના અન્ય ચાર જિલ્લાઓમાંથી અંદાજે 40,000 જેટલી જનમેદની ઉમટી પડશે તેવી શક્યતા છે. આટલી મોટી સંખ્યામાં આવતા લોકો માટે પીવાના પાણી, ફૂડ પેકેટ્સ, પાર્કિંગ અને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓનું અત્યારથી જ આયોજન કરી દેવામાં આવ્યું છે.

સુરક્ષાની દ્રષ્ટિએ પણ કોઈ કચાશ રાખવામાં આવી નથી. શહેર પોલીસ કમિશનરની ટીમ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા સમગ્ર રૂટનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગરથી આવેલા ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સતત સંકલનમાં રહીને પ્લાનિંગ કરી રહ્યા છે. સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે બેરીકેડિંગ અને અન્ય જરૂરી સુરક્ષા પ્રોટોકોલનું ચુસ્ત પાલન કરવામાં આવી રહ્યું છે.

સમયપત્રક મુજબ, વડાપ્રધાન સાંજે 6:00 વાગ્યે વુડા વિસ્તારના એક કાર્યક્રમમાં હાજરી આપશે અને ત્યારબાદ રાત્રે 7:00 વાગ્યાની આસપાસ હરણી એરપોર્ટ રોડ પર તેમનો ભવ્ય રોડ શો યોજાશે. વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા તંત્ર દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિવસ-રાત કામગીરી ચાલી રહી છે. સ્થાનિક ધારાસભ્ય સહિતના પદાધિકારીઓએ પણ આ રૂટની મુલાકાત લઈને તૈયારીઓની સમીક્ષા કરી હતી અને વડોદરાવાસીઓને આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા આહવાન કર્યું છે.

'કર્મભૂમિ' પર પીએમ મોદીના રોડ-શો માટે કેસરિયો માહોલ

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી





(પ્રતિનિધિ) વડોદરા તા.8

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 11મી મેના રોજ વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે શહેરના વાતાવરણમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનના આ મહત્વપૂર્ણ પ્રવાસ પૂર્વેની પૂર્વતૈયારીઓનું નિરીક્ષણ કરવા માટે ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આજે વડોદરા એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. તેમણે એરપોર્ટથી ગદા સર્કલ સુધીના રૂટ અને રોડ-શોના આયોજનની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વડોદરા ખાતે નિર્મિત 'સરદારધામ' સંકુલનું ઉદ્ઘાટન કરવાના છે. આ ઉદ્ઘાટન સમારોહ બાદ વડોદરાના માર્ગો પર એક ભવ્ય રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોડ-શો એરપોર્ટથી શરૂ થઈ ગદા સર્કલ સુધી યોજાનાર છે, જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાશે તેવી શક્યતા છે. પશ્ચિમ બંગાળમાં મેળવેલી જીત બાદ વડાપ્રધાન પ્રથમવાર પોતાની 'કર્મભૂમિ' ગણાતા વડોદરામાં આવી રહ્યા હોવાથી ભાજપના કાર્યકરો અને સામાન્ય નાગરિકોમાં અનેરો જોશ જોવા મળી રહ્યો છે.

આજે વડોદરા એરપોર્ટ પર ઉતરાણ કરતાની સાથે જ મંત્રી હર્ષ સંઘવીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી ડો. મનીષાબેન વકીલ, સયાજીગંજના ધારાસભ્ય કેયૂર રોકડીયા તેમજ શહેર અને જિલ્લા સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ એરપોર્ટ પર ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક મેનેજમેન્ટ અને રોડ-શોના રૂટ પર કરવામાં આવેલી સજાવટ અંગેની માહિતી મેળવી હતી.

વહીવટી તંત્ર દ્વારા વડાપ્રધાનના સ્વાગત માટે તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ખાસ કરીને ગદા સર્કલથી એરપોર્ટ સુધીના માર્ગ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાની અને સમગ્ર વિસ્તારને રોશનીથી શણગારવાની કામગીરી તેજ કરી દેવામાં આવી છે. ગૃહ રાજ્યમંત્રીએ આયોજન અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમ નિર્વિઘ્ને પાર પડે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. વડોદરાની જનતા પણ તેમના લોકપ્રિય નેતાના સ્વાગત માટે આતુરતાથી રાહ જોઈ રહી છે.

BCAમાં 240 બેઠકોથી ઘટાડી 120 કરી દેવાઈ : ઉગ્ર આંદોલનની ચીમકી

# સાયન્સ ફેકલ્ટીમાં BCAમાં બેઠકોમાં ઘટાડો અને ફી વધારા સામે ABVPનો વિરોધ

**યુનિ.ના** નિર્ણયથી અનેક વિદ્યાર્થીઓના ભાવિ પર જોખમ ઊભું થયું



(પ્રતિનિધિ) વડોદરા,તા.8

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સાયન્સ ફેકલ્ટીમાં બીસીએમાં બેઠકો ઘટાડાતા અને ફી વધારા સામે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે આંદોલનનું અલ્ટીમેટમ આપી સાયન્સ ડીન અને વહીવટી તંત્રની ગંભીર ભૂલ ગણાવી ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો.

એમ.એસ. યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં બીસીએ ડિપાર્ટમેન્ટમાં પ્રવેશ પ્રક્રિયાને લઈને મોટો વિવાદ સર્જાયો છે. સાયન્સ ફેકલ્ટીના ડીન વિપુલ કલમકરને એબીવીપી દ્વારા આ મુદ્દે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ દરમિયાન ડીન વિપુલ કલમકરે સ્વીકાર્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષથી 80 બેઠકોની જગ્યા હોવા છતાં 240 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો હતો. જે પૂર્વ ડીન અને વહીવટી તંત્રની એક મોટી ભૂલ હતી. પૂર્વ વહીવટી તંત્ર દ્વારા વધારાના એડમિશન આપવામાં આવ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. નોંધનીય છે કે, છેલ્લા ત્રણ વર્ષથી સાયન્સ ફેકલ્ટીમાં બીસીએમાં 240 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો હતો. પરંતુ આ વર્ષે અચાનક બેઠકોની સંખ્યા ઘટાડીને માત્ર 120 કરી દેવામાં આવી છે. આ સાથે જ રેગ્યુલર અને હાયર પેમેન્ટ એમ બંને કેટેગરીમાં ફીમાં પણ મોટો વધારો કરાયો છે. યુનિવર્સિટીના આ નિર્ણયથી અનેક વિદ્યાર્થીઓના ભાવિ પર જોખમ ઊભું થયું છે અને આર્થિક બોજ પણ વધ્યો છે. આ બાબતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ડીનને રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થી સંગઠન એબીવીપી દ્વારા યુનિવર્સિટી પ્રશાસનને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપવામાં આવી છે કે, જો આગામી 48 કલાકમાં ફી વધારો પાછો ખેંચવામાં નહીં આવે અને બેઠકોમાં વધારો કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરાશે.

## આગામી દિવસોમાં ગરમી યથાવત રહેશે, તાપમાન 41.6 ડીગ્રી

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

કાળઝાળ ગરમીની વચ્ચે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ, ગુજરાતમાં ગરમીનો પ્રકોપ વધતા અનેક શહેરોમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે. વડોદરામાં હીટવેવની સ્થિતિને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં ગરમીનું જોર યથાવત રહેવાની આગાહી છે. શુક્રવારે શહેરનું મહત્તમ તાપમાન 41.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 27 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 41% અને સાંજે 17% નોંધાયું હતું. હવામાન વિભાગે જાહેર કરેલી વિગતો અનુસાર, રાજ્યમાં આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં હજુ વધારો થવાની શક્યતા છે. તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 4 દિવસમાં વિવિધ ભાગોમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ વધારો થઈ શકે છે.

રાજ્યના વહીવટી તંત્રમાં મોટા ફેરબદલના સંકેત

# વડોદરા સહિત 15 મહાનગર પાલિકાઓના કમિશનરોની સામૂહિક બદલીના એંધાણ

**પદાધિકારીઓની** નિમણૂંક પ્રક્રિયા પૂર્ણ થતાં જ રાજ્ય સરકાર 'એક્શન મોડ'માં

**આઠ** જૂની અને સાત નવનિર્મિત મનપામાં કાયમી અને અનુભવી આઈએએસ અધિકારીઓ મુકાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.8

રાજ્યની તમામ 15 મહાનગરપાલિકાઓમાં સામાન્ય ચૂંટણીઓ સંપન્ન થયા બાદ હવે વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, આગામી દિવસોમાં મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના મુખ્ય પાંચ પદાધિકારીઓની વિધિવત નિમણૂંક થયા બાદ તુરંત જ વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર સહિત રાજ્યના 15 મ્યુનિસિપલ કમિશનરોની સામૂહિક બદલી કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને નવનિર્મિત સાત મહાનગરપાલિકાઓમાં કાયમી અને અનુભવી કમિશનરોની નિમણૂંક કરવા માટેનો તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. હાલમાં નવઘોષિત મનપાઓમાં ઇન્ચાર્જ કમિશનરો દ્વારા ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે, પરંતુ હવે ત્યાં પૂર્ણકાલીન આઈએએસ અધિકારીઓ મૂકવાની વિચારણા ચાલી રહી છે. વહીવટી સરળતા અને વિકાસકાર્યોને વેગ આપવા માટે સરકાર આ વખતે નિયમોમાં પણ આંશિક ફેરફાર કરી રહી છે.

આગામી 2027ની વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર અત્યારથી જ વહીવટી મોરચે મજબૂત કિલ્લાબંધી કરવા ઈચ્છે છે. પદાધિકારીઓ અને કમિશનર વચ્ચે યોગ્ય તાલમેલ જળવાય અને પ્રજાલક્ષી કાર્યોમાં કોઈ અડચણ ન આવે તે હેતુથી અનુકૂળ અધિકારીઓની પસંદગી માટે યાદી તૈયાર કરી દેવામાં આવી છે. વડોદરા જેવા મહાનગરોમાં પણ નવા પદાધિકારીઓના આગમન સાથે નવા કમિશનરની વરણી થવાની પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

વહીવટી વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, વડોદરા અને રાજકોટ જેવા મોટાં શહેરોના કમિશનરોની બદલી નિશ્ચિત માનવામાં આવે છે. રાજકોટના કમિશનરની બદલીની વાતોએ આજે જોર પકડ્યું હતું, જેની અસર વડોદરાના વહીવટી માળખા પર પણ જોવા મળી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ બાદ આ નામો પર આખરી મહોર મારવામાં આવશે અને સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

### આજ મળનારી પાર્લામેન્ટરી બોર્ડમાં નામો નક્કી કરવામાં આવશે

પદાધિકારીઓની પસંદગી માટે મળેલી સેન્સ પ્રક્રિયા બાદ આજે પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં નામો નક્કી કરવામાં આવશે. જેવી આ નામોની જાહેરાત થશે, તેની ગણતરીની કલાકોમાં જ મ્યુનિસિપલ કમિશનરોની બદલીના ઓર્ડર છૂટા કરવામાં આવશે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ ફેરબદલથી રાજ્યના સ્થાનિક સ્વરાજ્યના વહીવટમાં નવી ઉર્જાનો સંચાર થશે તેવું મનાઈ રહ્યું છે.

GSRTCની બોર્ડ મિટિંગમાં કર્મચારીઓ માટે હિતલક્ષી નિર્ણય લેવાયો

# કોરોના કાળમાં ઓનડ્યુટી મૃત્યુ પામનાર પરિવારને રૂ.25 લાખની સહાય મળશે

**2263** ડ્રાઈવર, 4485 કંડક્ટર,2344 હેલ્પરની ભરતી કરાશે, 2% મોંઘવારી ભથ્થાનો પણ લાભ મળશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા કર્મચારીઓના હિતને ધ્યાનમાં રાખી અનેક મહત્વપૂર્ણ અને કલ્યાણકારી નિર્ણયો લેવામાં આવ્યા છે. નિગમની તાજેતરમાં યોજાયેલી બેઠકમાં કર્મચારી વેલ્ફેર, ભરતી પ્રક્રિયા અને ભવિષ્યની પરિવહન સેવાઓને વધુ મજબૂત બનાવવા માટે મહત્વના ઠરાવો મંજૂર કરવામાં આવ્યા હતા. આ નિર્ણયો રાજ્યભરના હજારો કર્મચારીઓ તેમજ બેરોજગાર યુવાનો માટે લાભદાયી સાબિત થશે.

નિગમ દ્વારા કોરોના મહામારી દરમિયાન ફરજ બજાવતા મૃત્યુ પામેલા કુલ 118 અધિકારી અને કર્મચારીઓને "કોરોના વોરિયર્સ" તરીકે જાહેર કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. આ તમામ કર્મચારીઓના પરિવારજનોને પ્રતિ વ્યક્તિ રૂ.25 લાખનું નાણાકીય વળતર ચૂકવવામાં આવશે. કોરોનાકાળ દરમિયાન જીવના જોખમે કામગીરી બજાવનાર કર્મચારીઓ પ્રત્યે સરકાર અને નિગમની સંવેદનશીલતા દર્શાવતો આ નિર્ણય માનવામાં આવી રહ્યો છે. આ સહાયથી શહીદ કર્મચારીઓના પરિવારોને આર્થિક રીતે મોટી રાહત મળશે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા 2 ટકા મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ GSRTCના અધિકારી અને કર્મચારીઓને પણ મળે તે માટે સરકારમાં હકારાત્મક દરખાસ્ત મોકલવાનો નિર્ણય લેવાયો છે. આગામી સમયમાં કર્મચારીઓને વધેલા ડીએનો સીધો લાભ મળશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજ્યમાં જાહેર પરિવહન સેવા વધુ અસરકારક અને સુવ્યવસ્થિત બને તે માટે નિગમ દ્વારા મોટી ભરતી પ્રક્રિયા હાથ ધરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં 2263 ડ્રાયવર, 4485 કંડક્ટર અને 2344 હેલ્પરની જગ્યાઓ મળી કુલ 9062 નવી જગ્યાઓ ઉભી કરવામાં આવશે. ટૂંક સમયમાં આ ભરતી પ્રક્રિયા જાહેર કરવામાં આવશે.

ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય અને ખાલી જગ્યાઓ વહેલી તકે ભરાઈ શકે તે માટે ભરતી નિયમોમાં પણ સુધારા કરવામાં આવ્યા છે.

વડોદરાની જળ સુરક્ષા માટે મોટો નિર્ણય

# આજવા અને પ્રતાપપુરા સરોવરને ઉંડા ઉતારવાની કવાયત તેજ

**ચોમાસા** પહેલા સરોવરોમાંથી માટી-કાંપ ઉલેચી જળ સંગ્રહ ક્ષમતા વધારવા પાલિકાનું આયોજન





(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરની ઉત્તર દિશામાં આવેલા ઐતિહાસિક અને જીવાદોરી સમાન સયાજી સરોવર તથા તેની પૂરક એવી પ્રતાપપુરા સરોવરની પાણી સંગ્રહ કરવાની ક્ષમતામાં વધારો કરવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કમર કસવામાં આવી છે. ઉનાળાની સીઝન દરમિયાન આ બંને સરોવરમાંથી માટી ઉલેચી તેને વધુ ઉંડા કરવાની મહત્વની કામગીરી આગામી થોડા દિવસોમાં શરૂ કરવામાં આવનાર છે.

આગામી ચોમાસામાં વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ કરી શકાય તે હેતુથી પાલિકા તંત્ર સક્રિય થયું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સરોવરોમાં જમા થયેલી કાંપ અને માટીને દૂર કરવામાં આવશે, જેથી જળ સંગ્રહની સપાટીમાં નોંધપાત્ર વધારો થશે. આ કામગીરી ચોમાસાનું આગમન થાય તે પૂર્વે જ પૂર્ણ કરી લેવાનું આયોજન સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે પાલિકા દ્વારા જે તે કોન્ટ્રાક્ટરોને કામગીરી સોંપાઈ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સરોવરમાંથી માટી ખોદવા અને તેને લઈ જવા માટેના તમામ ખર્ચ જે તે કોન્ટ્રાક્ટરોએ જાતે ભોગવવાના રહેશે. આ સાથે જ, સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી રોયલ્ટી અને અન્ય વહીવટી ખર્ચ પણ કોન્ટ્રાક્ટરોએ જ આપવાના રહેશે. વિશ્વામિત્રી પ્રોજેક્ટના એક્ઝિક્યુટિવ એન્જિનિયર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સરોવરોની ઉંડાઈ વધવાથી શહેરને પીવાના પાણીની સમસ્યામાં રાહત મળશે એટલું જ નહીં, પરંતુ પૂર જેવી સ્થિતિમાં પણ આ સરોવરો વધુ પાણી સમાવી શકશે. વિશ્વામિત્રી પ્રોજેક્ટના ખંડેરાવ માર્કેટ બિલ્ડિંગ, રાજમહેલ રોડ ખાતેની કચેરી ખાતેથી વધુ વિગતો અને આયોજન અંગેની માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

વડસર રોડ ઓવર બ્રિજ પર ફૂલ સ્પાન લોન્ચિંગ મેથડથી કામગીરી પૂર્ણ, વ્યસ્ત કોરિડોરમાં મોટી સિદ્ધિ

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : માત્ર 2 કલાક 13 મિનિટમાં 40 મીટર ગર્ડર લોન્ચ

**દરરોજ** આશરે 70 હજાર જેટલા વાહનો પસાર થાય છે : રેલવે ટ્રેક પર 100થી વધુ ટ્રેનોની અવરજવર



(પ્રતિનિધિ) વડોદરા તા.8

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત વડોદરામાં એન્જિનિયરિંગ ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. વડસર રોડ ઓવર બ્રિજ પર ફૂલ સ્પાન લોન્ચિંગ મેથડ દ્વારા 40 મીટર લાંબા ગર્ડરનું માત્ર 2 કલાક અને 13 મિનિટના ટૂંકા સમયમાં સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ કામગીરીને પ્રોજેક્ટ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન માનવામાં આવી રહી છે.

આ સમગ્ર કામગીરી અત્યંત વ્યસ્ત શહેરી કોરિડોરમાં પૂર્ણ કરવામાં આવી હતી, જેના કારણે તે વધુ પડકારજનક બની હતી. વડસર વિસ્તારનો આ માર્ગ શહેરના મુખ્ય ટ્રાફિક રૂટમાંનો એક ગણાય છે. અહીંથી દરરોજ આશરે 70 હજાર જેટલા વાહનો પસાર થાય છે, જ્યારે રેલવે ટ્રેક પર 100થી વધુ ટ્રેનોની અવરજવર રહે છે. આવી પરિસ્થિતિમાં ટ્રેન અને રોડ ટ્રાફિકને અસર પહોંચાડ્યા વગર ગર્ડર લોન્ચ કરવાની કામગીરી એન્જિનિયરિંગની દષ્ટિએ અત્યંત જટિલ માનવામાં આવે છે.

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL)ની ટેકનિકલ ટીમે આધુનિક ટેકનોલોજી અને ચોકસાઈભર્યા આયોજનના આધારે આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. ફૂલ સ્પાન લોન્ચિંગ મેથડ હેઠળ સમગ્ર 40 મીટરનું ગર્ડર એક જ વખતમાં પિલર પર સ્થાપિત કરવામાં આવે છે. પરંપરાગત પદ્ધતિમાં ગર્ડરને અલગ-અલગ ભાગોમાં સ્થાપિત કરવામાં વધુ સમય લાગતો હોય છે, જ્યારે આ નવી ટેકનોલોજીથી કામગીરી 10 ગણી ઝડપથી પૂર્ણ થઈ શકે છે.

આ પદ્ધતિનો સૌથી મોટો ફાયદો એ છે કે ટ્રાફિકને ન્યૂનતમ અસર થાય છે અને વ્યસ્ત વિસ્તારોમાં પણ ઝડપી ગતિએ કામ આગળ વધારી શકાય છે. સુરક્ષા ધોરણોને ધ્યાનમાં રાખીને સમગ્ર પ્રક્રિયા દરમિયાન વિશેષ મોનિટરિંગ અને તકેદારી રાખવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યા મુજબ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ રાજ્યના વિવિધ વિસ્તારોમાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. આધુનિક ટેકનોલોજી અને ઝડપી અમલીકરણના કારણે પ્રોજેક્ટને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વડોદરામાં થયેલું આ સફળ લોન્ચિંગ માત્ર શહેર માટે જ નહીં, પરંતુ સમગ્ર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ તરીકે જોવામાં આવી રહ્યું છે.

વડોદરા કેમિસ્ટ એસોસિએશનનો સનસનાટીભર્યો નિર્ણય

# ઓનલાઈન ફાર્મસી મુદ્દે કેમિસ્ટોમાં ફાંટા, 20 મેના બંધથી વડોદરા દૂર રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

દેશભરમાં ઓનલાઈન દવાઓના વધતા વેચાણ અને ઈ-ફાર્મસી સામે કેમિસ્ટોમાં રોષ વચ્ચે આગામી 20 મેના રોજ ભારત બંધના એલાનને લઈને વડોદરામાં મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશન દ્વારા દેશવ્યાપી મેડિકલ સ્ટોર્સ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે, પરંતુ વડોદરા કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશને આ બંધમાં ન જોડાવાનો નિર્ણય જાહેર કર્યો છે.

વડોદરા કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ મનીષ પટેલે જણાવ્યું હતું કે, આ નિર્ણય કોઈના વિરોધમાં નહીં પરંતુ લાંબા સમયથી ચાલતી બિનઅસરકારક હડતાલો સામેનો પ્રતિસાદ છે. તેમના જણાવ્યા મુજબ અગાઉ અનેક વખત પ્રતીકાત્મક બંધ પાળવામાં આવ્યા છતાં ઓનલાઈન ફાર્મસી મુદ્દે સરકારની નીતિમાં કોઈ અસરકારક ફેરફાર જોવા મળ્યો નથી. કેમિસ્ટોએ આર્થિક નુકસાન સહન કર્યું હોવા છતાં પ્રશ્ન યથાવત રહ્યો છે.

તેમણે ગુજરાત સ્ટેટ ફેડરેશનની કામગીરી પર પણ સવાલ ઉઠાવ્યા હતા. સ્થાનિક એસોસિએશનોને જરૂરી માર્ગદર્શન અને કાનૂની સહકાર આપવામાં રાજ્ય સ્તરે નિષ્ફળતા રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, માત્ર એક દિવસના બંધથી દર્દીઓ અને સામાન્ય ગ્રાહકોને મુશ્કેલી પડે છે, જે વ્યવસાયિક નૈતિકતા વિરુદ્ધ છે.

મનીષ પટેલે સ્પષ્ટ કર્યું કે વડોદરા એસોસિએશન ઓનલાઈન ફાર્મસીના મુદ્દે ગંભીર છે અને હાલ કોર્ટમાં કાયદાકીય લડત લડી રહી છે. તેમના મતે ડિજિટલ યુગમાં માત્ર શટર બંધ રાખવાથી સમસ્યાનો ઉકેલ આવવાનો નથી. ઓનલાઈન ફાર્મસી સામે મજબૂત કાનૂની કાર્યવાહી અને સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટમાં અસરકારક રજૂઆત જ લાંબા ગાળાનો ઉકેલ બની શકે.

આ નિર્ણયને પગલે 20 મેના રોજ વડોદરા શહેર અને જિલ્લાના તમામ મેડિકલ સ્ટોર્સ રાબેતા મુજબ ખુલ્લા રહેશે. ઈમરજન્સી સેવાઓ પણ ચાલુ રહેશે અને નાગરિકોને દવાનો વધારાનો જથ્થો એકત્ર ન કરવા અપીલ કરવામાં આવી છે. વડોદરાના આ સ્ટેન્ડ બાદ રાજ્યના અન્ય શહેરોમાં પણ ચર્ચા શરૂ થઈ છે.